## સુરત નજીક કાર નહેરમાં ખાબકી જતાં પાંચના ઘટનાસ્થળે જ મોત





ઉના તાલુકાના સમઢીયાળા ગામમાં દલિત યુવાનો ઉપર અમાનુષી અત્યાચાર ગુજારવાના વિરોધમાં ગાંધીનગર શહેર એસ.સી., એસ.ટી., ઓ.બી.સી., માયનોરીટી શક્તિ સંગઠન દ્વારા કલેક્ટરને આવેદન પત્ર સુપરત કરવામાં આવ્યું હતું. સંગઠનના પ્રમુખ મનગભાઈ પરમારે દલિતો પર અત્યાચાર ગુજારનાર તત્વો સામે કડક પગલા લેવાની માંગણી કરી હતી.

# ગાંધીનગર હોસ્પિટલમાં ગ્લુકોમીટરની રાહ જોતા લાભાર્થીઓ

## તંત્ર દ્વારા ૧૦૦ ગ્લુકોમીટરની ડિમાન્ડ બે મહિના પહેલા મોકલી અપાઈ છે

ગાંધીનગર, તા. ૨૬

અત્યારની ભાગદોડવાળી જીંદગી અને ફાસ્ટફુડના જમાનામાં ગુજરાતમાં ડાયાબિટીસના દર્દીઓમાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. જેને પગલે રાજય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા દર્દીઓને બજાર કિંમત કરતા સસ્તા દરે ગ્લુકોમીટર આપવાની જાહેરાત કરવામાં આવી હતી. જે અંતર્ગત ગાંધીનગર હોસ્પિટલમાં ૧૦૦થી વધુ દર્દીઓએ ગ્લુકોમીટર માટે નોંધણી કરાવી હતી. હોસ્પિટલ તંત્ર દ્વારા ૧૦૦ ગ્લુકોમીટરનો ડિમાન્ડ લેટર બે મહિના પહેલા આરોગ્ય વિભાગમાં મોકલી આપવામાં આવ્યો છે. છતા હજુ સુધી ગ્લુકોમીટર ના આવતા લાભાર્થીઓને નિરાશ થવાનો વારો આવ્યો છે.

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલિત હોસ્પિટલમાં રોજના હજજારો દર્દીઓ સારવાર માટે આવે છે. જેમાં મોટાભાગના દર્દીઓ ડાયાબિટીસના દર્દથી પિડાતા હોય છે. ડયાબિટીસ ચેકઅપ જમ્યા પહેલા અને જમ્યા બાદના લેબોરેટરી રિપોર્ટ માટે દર્દીઓને સમયાંતરે હોસ્પિટલમાં આવવાની ફરજ પડે છે. ત્યારે ડાયાબિટીસના દર્દીઓને હોસ્પિટલાના ધક્કામાંથી મુકિત મળે તે માટે રાજયના આરોગ્ય વિભાગ દ્વારા યોજના બહાર પાડવામાં આવી છે. જેમાં બજારમાં ગ્લુકોમીટર મળે છે તેના કરતા સસ્તા દરે દર્દીઓને ગ્લુકોમીટર સરળતાથી મળી રહે તે અંગે આયોજન કરવામાં આવ્યું હતું. દર્દીઓને જે તે જિલ્લાની હોસ્પિટલમાંથી ગ્લુકોમીટર માટે દર્દીઓને નોંધણી કરાવવાની ફરજીયાત હતી.

ત્યારબાદ તંત્રમાંથી ગ્લુકોમીટર આવે તેમ દર્દીઓને આપવાની યોજના હતી. આ યોજના અન્વયે ગાંધીનગર હોસ્પિટલમાં ડાયાબિટીસની સારવાર માટે આવતા ૧૦૦ જેટલા દર્દીઓએ ગ્લુકોમીટર માટે નોંધણી કરાવી છે. જેથી તંત્ર દ્વારા આરોગ્ય વિભાગમાં ડિમાન્ટ લેટર પણ બે માસ અગાઉ મોકલી આપવામાં આવ્યો છે. છતા ગ્લુકોમીટર ના આવતા દર્દીઓ રોજ હોસ્પિટલમાં આવીને ગ્લુકોમીટર આવ્યું તેમ પુછીને નિરાશા સાથે પરત ફરે છે. ત્યારે અત્યારની હાઈફાઈ ભાગદોડવાળી જીંદગીમાં આરોગ્યની ખાસ વિશેષ કાળજી રાખવી પડે તેવી સ્થિતિ ઉભી થવા પામી છે.

# ધોરણ ૧૨ : પુરક પરીક્ષાનું પરિણામ ૨૩.૯૮ ટકા

## વધુ પરિણામ ધરાવતો જિલ્લો ડાંગ-આહવા જેનું પરિણામ ૪૩.૮૪ ટકા રહ્યું : વિદ્યાર્થીનીઓનું પરિણામ ૨૬.૮૧

અમદાવાદ, તા. ૨૬

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા લેવામાં આવેલી પુરક પરીક્ષાનું પરિણામ આજે જાહેર કરવામાં આવ્યું હતું. સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉચ્ચત્તર ઉત્તર બુનિયાદી પ્રવાહનું પરિણામ આજે જાહેર કરવામાં આવ્યું હતું. પરીક્ષા રાજયના જિલ્લા મથકો પરથી લેવામાં આવી હતી. પ્રાપ્ત માહિતી મુજબ પરીક્ષામાં ૨૬૬૩૧ વિદ્યાર્થીઓ નોંધાયા હતા જે પૈકી ૧૭૩૪૬ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પૈકી ૪૧૬૦ વિદ્યાર્થીઓ પ્રમાણપત્ર મેળવવાને પાત્ર રહ્યા છે. આની સાથે જ જુલાઈ ૨૦૧૬ની પરીક્ષાનું રાજ્યનું એકંદરે પરિણામ ૨૩.૯૮ ટકા રહ્યુંછે. સામાન્ય પ્રવાહ અને અન્ય પ્રવાહની વાત કરવામાં આવે તો પરિણામ ખુબ ઓછું રહ્યું હતું. સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉચ્ચત્તર ઉત્તર બુનિયાદી પ્રવાહમાં એક વિષયમાં સુધારણાપાત્ર વિદ્યાર્થીઓ ૧૮૧૫૯ અને વિદ્યાર્થીનીઓ ૮૪૭૨ નોંધાઈ છે. તે પૈકી ૧૧૪૭૮ વિદ્યાર્થીઓ અને ૫૮૬૮ વિદ્યાર્થીનીઓ ઉપસ્થિત રહી હતી. કુલ ૪૧૬૦ વિદ્યાર્થીઓ પાસ થયા છે. રાજ્યનું વિદ્યાર્થીઓનું પરિણામ ૨૨.૫૪ ટકા અને વિદ્યાર્થીનીઓનું પરિણઆમ ૨૬.૮૧ ટકા રહ્યુંછે. વિકલાંગ ઉમેદવારોને ૨૦ ટકા પાસિંગ ધોરણનો લાભ આપવામાં આવ્યો છે. ૨૦ ટકા પાસિંગ ધોરણનો લાભ મેળવી પ્રમાણપત્ર મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૮૧ ટકા રહી છે. પુરક પરીક્ષામાં સૌથી વધુ પરિણામ ધરાવતો જિલ્લો ડાંગ-આહવા છે જેનું પરિણામ ૪૩.૮૪ ટકા અને સૌથી ઓછુ પરિણામ ધરાવતો જિલ્લો સેન્ટ્રલ એડમિન છે જેનું પરિણામ ૮.૭૦ ટકા રહ્યું છે. ગેરરીતિના કુલ બે કેસ નોંધાયા હતા. એકંદરે પરિણામ ઓછું રહ્યું છે. ઓછા પરિણામને લઈને બોર્ડ દ્વારા કોઈ વાત કરવામાં આવી નથી. અમદાવાદ શહેરમાંથી ૧૦૮૧ વિદ્યાર્થીઓ નોંધાય હતા જે પૈકી ૨૦૪ વિદ્યાર્થીઓ ૨૦૪ વિદ્યાર્થીઓ પાસ થયા છે અને ૫૬૪ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. અમદાવાદ શહેરની ટકાવારી ૨૬.૫૬ ટકા અને અમદાવાદ ગ્રામ્યની ટકાવારી ૩૧.૬૬ ટકા રહી છે.

# લાયન્સ ક્લબ દ્વારા પર્યાવરણ જાળવણી અંગે કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૬

ગુજરાત સરકાર તેમજ ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા હાથ ધરાયેલા આ વિષયને લાયન્સ ક્લબ દ્વારા સહાયક ભૂમિકામાં રહી ભાવિ પેઢીને જાગૃત તેમજ શિક્ષિત કરવાનું નક્કી કરાયુંછે. જેના ભાગરૂપે લાયન્સ ક્લબ દ્વારા આ દિશામાં સૌ પ્રથમ માઉન્ટ કાર્મેલ સ્કૂલ, સેક્ટર-૨૧ ખાતે શાળાના તમામ બાળકો માટે તબક્કાવાર ત્રિ-દિવસીય સેમિનારનું આયોજન કરાયું હતું. જાણીતા-સિનીયર પર્યાવરણ નિષ્ણાત નરેશભાઈ ઠાકર દ્વારા સુંદર સ્લાઈડ્સ સાથે નમુનારૂપ વસ્તુઓનું નિદર્શન અને વક્તવ્ય આપવામાં આવ્યું હતું.

ધોરણ-૧ થી ૧૨ના તમામ વિદ્યાર્થીઓએ આ નિદર્શન અને વક્તવ્ય ખુબ રસપુર્વક માણ્યું અને અનેક પ્રશ્નોના ઉત્તર પણ વિદ્યાર્થીઓએ મેળવ્યા હતા. શાળાના આચાર્ય સીસ્ટર રેણુકાની ઈચ્છા મુજબ વિદ્યાર્થીઓ બાદ તમામ શિક્ષકો માટે પણ વિચારગોષ્ઠિનું આયોજન કરાયું હતું. અને દરેક ક્લાસ ટીચર દ્વારા પોતાના વર્ગના વિદ્યાર્થીઓ માટે પર્યાવરણલક્ષી પ્રોજેક્ટ નક્કી કરવામાં આવ્યો હતો. સમગ્ર વર્ષના આ પ્રોજેક્ટના અમલીકરણ બાદ લાયન્સ ક્લબ દ્વારા સર્વશ્રેષ્ઠ કામગીરીના એવોર્ડ એનાયત કરવામાં આવશે.

લાયન્સ ક્લબ પ્રમુખ નિમેશ રાવલ અને ટીમે આ અભિયાનની શરૂઆત શાળામાંજ વૃક્ષો વાવી અને એના જતનની પ્રતિજ્ઞા લીધી હતી. ગુરૂપૂર્ણિમાના દિવસે શાળાના તમામ શિક્ષકોને તુલસીનો છોડ ભેટ આપી વંદન પાઠવી ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ પણ પોતાનો સહકાર નોંધાવ્યો હતો.

# દશેલા ગામે કુદરતી ઉપચાર પદ્ધતિ દ્વારા સાંધાના દુખાવાનો સારવાર કેમ્પ યોજાયો

## આગામી ૩૦મી જુલાઈએ ઉનાવા ખાતે કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૨૬

નીમા ફાઉન્ડેશન, ગાંધીનગરના સૌજન્યથી તાજેતરમાં સરકારી પ્રાથમિક શાળા દશેલા ખાતે હોલિસ્ટીક હીલર નટુભાઈ પટેલના કુદરતી સારવાર પદ્ધતિ દ્વારા સાંધાના દુઃખાવાના ઉપચારનો વિનામુલ્ય કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં હોલિસ્ટીક હીલર નટુભાઈ પટેલ (યુ.એસ.એ.) દ્વારા કુદરતી ઉપચાર પદ્ધતિ દ્વારા ઢીંચણ, કમર, ખભા, ગરદન અને એડીના સાંધાના દુઃખાવાના દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. આ કેમ્પમાં સ્વામી સદાનંદ ભારતી, જશુમતી અગ્રાવત તથા ગીતાબેન ખખ્ખરનો સારવાર યજ્ઞમાં સહયોગ પ્રાપ્ત થયો હતો.

કેમ્પમાં હાજર ૭૦ ઉપરાંત ગ્રામવાસી દર્દીઓને જુદા જુદા સાંધાના દુઃખાવાનો ઉપચાર કઈ રીતે કરવો તેની નટુભાઈ પટેલે વિગતવાર સમજણ આપી હતી. જુદા જુદા દુઃખાવામાંથી બચવા માટે 'તમે જ તમારા ડૉક્ટર બનો' તેવી વિસ્તારપુર્વક સમજણ આપવામાં આવી હતી. આ સાથે ઘરના રસોડામાં ઉપલબ્ધ હોય તેવા દ્રષ્યો વડે વિવિધ ઉપચારો કરવાનું માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું.

આ સારવાર કેમ્પના સફળ આયોજન માટે દશેલા ગામના સ્થાનિક આગેવાનો કેતનભાઈ પંડ્યા, મહેશભાઈ ચૌધરી, પ્રાથમિક શાળાના આચાર્ય બાબુભાઈ ચૌધરી વગેરેએ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું સફળ સંચાલન અને સંકલન માટે ગાંધીનગરના કિરીટકુમાર અગ્રાવત સતત મદદરૂપ બન્યા હતા.

# જિલ્લા પંચાયત વર્ગ-૩ કર્મચારી મંડળના હોદ્દેદારો વરાયા

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લા પંચાયત વર્ગ-૩ કર્મચારી મંડળના નવા હોદ્દેદારોની તાજેતરમાં મળેલ કારોબારી સમિતિમાં સર્વાનુમતે કરવામાં આવી છે. મંડળના પ્રમુખ દવે વયમર્યાદાને લઈ નિવૃત્ત થતાં મંડળના હોદ્દેદારોની નિયુક્તી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

મંડળના પ્રમુખ તરીકે શિક્ષણ વિભાગમાં ફરજો બજાવતા પ્રકાશ બી. ત્રિવેદીની, ઉપ પ્રમુખ તરીકે આરોગ્ય વિભાગમાં ફરજો બજાવતા હિરેન પટેલની, મંત્રી તરીકે શિક્ષણ વિભાગના પ્રવિણસિંહ રાઓલની અને સહમંત્રી તરીકે મહેકમના પ્રકાશ મેવાડાની સર્વાનુમતે નિયુક્તી કરાઈ છે.

નવા વરાયેલા હોદ્દેદારોએ સર્વાનુમતે વરણી કરી વિશ્વાસ વ્યક્ત કરવા માટે સૌનો આભાર માન્યો હતો અને કર્મચારીઓના પ્રશ્નોની અસરકારક રજુઆત કરવાની ખાતરી આપી હતી.

# સમગ્ર રાજ્યના ઈકો ક્લબ સાથે સંકળાયેલા સંકલનકારની કાર્યશાળા યોજાઈ

ગાંધીનગર, તા. ૨૬

સમગ્ર રાજ્યની દરેક શાળાઓમાં નેશનલ ગ્રીન કોર્સ યોજના અંતર્ગત 'ઈકો ક્લબ' ચાલી રહી છે. આ ઈકો ક્લબના દરેક જિલ્લાના સંકલનકાર આજે ગીર ફાઉન્ડેશનમાં ભેગા થયા હતા. આગામી વર્ષોમાં પર્યાવરણ સંરક્ષણ બાબતે નવી પેઢીમાં સંવેદનશીલતા કેળવવા પ્રયત્નો હાથ ધરાયા હતા. ગીર ફાઉન્ડેશન દ્વારા છેલ્લા ૧૫ વર્ષની ઈકો ક્લબની પ્રવૃત્તિ ચલાવે છે. આ યોજનામાં આશરે ૭,૫૦૦ જેટલી શાળાઓમાં સ્વચ્છતા મિશન અને જળ સંચય જેવા કાર્યક્રમો હાથ ધરી પૃથ્વીનું જતન કરવા પ્રયત્નો હાથ ધરાશે તેમ નિયામક આર.ડી. કંબોજે જણાવ્યુ



હતુ. સંસ્થાના નાયબ નિયામક અતુલ અમીન દ્વારા રાજ્યના તમામ સંકલનકારની કામગીરીને બીરદાવી હતી. સંસ્થાના નાયબ સંરક્ષક ડી.સી. મહેતાએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યુ અને આભારવિધિ કરી હતી.

કાર્યશાળામાં નવીન જિલ્લાઓના સંકલનકાર તેમજ સંસ્થાના નવા નિયામક આર.ડી. કંબોજનું બહુમાન કરવામાં આવ્યું હતું. સંસ્થા દ્વારા દરેક શાળામાં પર્યાવરણ સંરક્ષણની પ્રવૃત્તિ ચાલી રહી છે.

# સરકારી કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૭ ટકા વધારો આપવા માંગ

ગાંધીનગર, તા. ૨૬

ભાવાંક દર છ માસે મોંઘવારી ભથ્થામાં વધારો કરવાના સિદ્ધાંત સાતમા પગાર પંચમાં માન્ય રાખી સરકારે સ્વીકારેલ છે. તા. ૧-૧-૨૦૧૬થી ૧૨૫ ટકા ભાવક થતા ૬ ટકા મોંઘવારી ભથ્થામાં કેન્દ્ર તથા રાજ્ય સરકારે વધારો જાહેર કરેલ છે. હવે તા. ૧લી જુલાઈથી ભાવાંકમાં ૧૩ ટકા વધારો થયેલ છે. જેથી ૬ ટકા મોંઘવારી ભથ્થામાં વધારો થવા ગણતરી છે.

પ્રથમ કેન્દ્ર સરકારે જાહેર કર્યા બાદ રાજ્ય સરકાર પણ જાહેર કરશે. નવા પગાર તા. ૧-૧-૨૦૧૬થી અમલમાં આવશે. જેથી તા. ૧લી જુલાઈથી ૬ ટકાનો મોંઘવારી ભથ્થામાં વધારો નવા પગાર ઉપર મળવા પાત્ર થશે.

# જિલ્લાના તમામ સબ ડિવીઝનમાં એલઈડી બલ્બ ઉપલબ્ધ

મહેસાણા, તા. ૨૬

મહેસાણા જિલ્લામાં ઉજાલા (ઉન્નત જ્યોતિ બાય એફોર્ડેબલ એલઈડી ફોર ઓલ)ની શરૂઆત વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કરી છે. સમગ્ર દેશમાં ૨૦૧૯ સુધીમાં વીજળી પહોંચાડવાનો નિર્ધાર કર્યો છે. સરકાર દ્વારા આપવામાં આવતા એલઈડી બલ્બથી વીજમાં બચત અને રોશની મળે છે.

મહેસાણા જિલ્લાના તમામ યુજીવીસીએલના સબ ડિવીઝન ઉપર ઉચ્ચ ગુણવત્તાવાળા એલઈડી બલ્બ હપ્તા પદ્ધતિથી તેમજ રોકડેથી મળી રહ્યા છે. મહેસાણા જિલ્લામાં ૧૯ કાઉન્ટરો પર ઉજાલા બલ્બની વહેંચણી કરવામાં આવી છે. જિલ્લાના ૭૬૦૯૬ ગ્રાહકોએ ૫,૪૦,૩૩૭ બલ્બની ખરીદી કરી છે.

આ યોજના ઘરવપરાશના ગ્રાહકો માટે ઉપલબ્ધ છે. આ બલ્બની ત્રણ વર્ષની વોરંટી હોવાથી આ સમયગાળા દરમિયાન બગડી ગયેલ બલ્બને બદલી આપવામાં આવશે. રાજ્ય સરકારની પહેલથી ગ્રાહકોને સીધો લાભ મળી રહ્યો છે.

બલ્બની ગુણવત્તા જોઈએ તો ૯ વોટનો બલ્બ છે જેની ઉર્જા ક્ષમતા ૮૮ ટકા તેમજ તેનું અપેક્ષીત આયુષ્ય ૧૦ વર્ષનું છે. આ બલ્બમાં ૩ વર્ષની વોરંટી આપવામાં આવેલ છે. આ બલ્બનો ઉપયોગ કરવાથી વીજ બીલમાં વાર્ષિક ૩૩૬ રૂપિયાની બચત થનાર છે.

# ગુજરાતભરમાં કોંગ્રેસના દમન પ્રતિકાર ધરણા : લોકો જોડાયા

અમદાવાદ, તા. ૨૬

ભાજપ સરકારની દમન નિતી સામે કોંગ્રેસ પક્ષ દ્વારા રાજયના ૩૩ જિલ્લા અને ૮ મહાનગરના મુખ્ય મથકે સવારે ૧૦થી સાંજના ૪ કલાક સુધી દમન પ્રતિકાર ધરણાં યોજાયા હતા. કલેકટર કચેરી પાસે, અમદાવાદ ખાતે યોજાયેલ દમન પ્રતિકાર ધરણાં ઉપસ્થિત મોટી સંખ્યામાં તમામ સમાજના ભાઈ-બહેનોને સંબોધન કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે, સરકાર સમક્ષ જે લોકો શિક્ષણ, આરોગ્ય, રોજગાર, જીવન જીવવાનો અધિકાર માટે લાગણી અને માંગણી વ્યક્ત કરે છે તેમને ભાજપ સરકાર કચડી નાંખે છે. ગુજરાતમાં આક્રોશ અને અંજપાના કારણે અલગ અલગ જગ્યાએ દલિત સમાજના ભાઈઓએ આપઘાતના પ્રયાસો કર્યા છે. આખા ગુજરાતમાં કમજોર લોકો કે જેની પાસે પૈસા નથી તેને દબાવાય છે. આ વિચારધારાની લડાઈ છે. એક તરફ ગાંધી, સરદાર, પંડિત નહેરુ અને ડૉ. બાબાસાહેબ આંબેડકરની વિચારધારા છે બીજી તરફ આરએસએસ ગોલવલકર



અને મોદીની વિચારધારા છે. ગુજરાત મોડેલની વાત કરે છે પરંતુ કોઈ શિક્ષણનો હક્ક માંગે, અવાજ ઉઠાવે કે કોર્પોરેટ સામે લડે તેને દબાવવામાં આવે છે. રાહુલજીએ અત્યાચારનો ભોગ બનનારના માતાપિતાને કહ્યું છે કે, દબાશો નહી ભયભીત ન થાઓ. દમનની આ વિચારધારાને પુરા દેશમાં સામનો કરવામાં આવશે. મોટા સમઢીયાળામાં અત્યાચારથી પિડીત વૃધ્ધના પરીવારજનોએ સરકાર સામે આક્રોશ ઠાલવ્યો છે. તેઓના પરીવારજનોને સરાજાહેર ૪૫ જેટલા લોકોએ ઢોર માર માર્યો હતો. આમ છતાં આ પ્રકરણમાં માત્ર ૧૬ વ્યક્તિની પગલા લેવાનો સાત સાત દિવસ વીતી ગયા પછી દેખાવ પુરતા પગલાં ભરવામાં આવ્યા છે. જે દલીતો સાથે ભારોભાર અન્યાય થયો છે. આજે આ ઘટનાથી દલીતોની રોજગારી છીનવાઈ ગઈ છે અને તેઓનો જીવન નિર્વાહ કેવી રીતે કરવો અને સમગ્ર વિસ્તારમાં ભયનું વાતાવરણ ફેલાઈ ગયું છે. વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, સત્તાની લાલચમાં ભાજપ સરકાર આવા કાવત્રા કરી રહી છે. કાવાદાવા કરીને ખુરશી પ્રાપ્ત કરી શકાય લોકોને ભ્રમમાં નાખી શકાય કરોડ રૂપિયા ખર્ચીને જાહેરાતો માધ્યમથી મતદારોને ગુમરાહ કરી શકાય. ભાજપ નર્યા સ્વાર્થ, અહમ લાલચ માટે પ્રજાને છેતરે છે. જ્યારે તમામ સમાજના લોકો દુઃખી હોય અને તેઓની વ્યથા સાંભળવાનો સમય ન હોય તે સરકાર લોકશાહીનું અવમૂલ્યન કરી રહી છે. કોંગ્રેસના પૂર્વ પ્રદેશ પ્રમુખ સિધ્ધાર્થભાઈ પટેલ જણાવ્યું હતું કે, તાજેતરમાં ઉના તાલુકામાં મોટા સમઢીવાળા ગામે દલિતો ઉપર બનેલા અમાનુષી અત્યાચારનાને સમગ્ર રાજયમાં દલિત સમાજમાં અજંપો અને આક્રોશ વ્યાપી ગયો.

### ચરમસીમાએ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મળતી વિગતો પ્રમાણે પંચાયત પ્રમુખના જૂથમાં પાંચ જેટલા સભ્યોએ પાર્ટી લાઈનથી વિરૂદ્ધ નહિ જવાની સ્પષ્ટ ચીમકી આપતાં મામલો હાલ શાંત પડી જવા પામ્યો છે પરંતુ બન્ને જૂથમાં અસંતોષની આગ બરાબર જોવા મળી રહી છે. એક એવી વાત પણ રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહી છે કે પંચાયત પ્રમુખના જૂથને બે પ્રદેશ સુધી વગ ધરાવતા આગેવાનોનું ખુલ્લુ સમર્થન છે પણ સભ્યોએ ૫ વિરોધી કોઈ પણ લાઈન નહિ લેવાનું સૂચવતાં મામલો અટવાઈ જવા પામ્યો છે. બન્ને જૂથો આક્રમક મૂડમાં હોઈ પ્રદેશ સમિતિ હાલ તુરત કોઈ ઉતાવળમાં જણાતી નથી પરંતુ આગામી દિવસોમાં દરમ્યાનગીરી કરી શિસ્તનો ડંડો ઉપાડે તેવી શક્યતાઓ જણાઈ રહી છે.

પંચાયતોની પેટા ચૂંટણીમાં જે રીતે પક્ષના ઉમેદવારોનો પરાજય થયો છે તેમાં પણ જૂથબંધી જવાબદાર હોવાનું જાણવા મળેલ છે. પંચાયત પ્રમુખશ્રી તંત્ર પર કબ્જો મેળવવામાં નિષ્ફળ રહ્યા હોવાનો દાવો પણ તેમનુ વિરોધી જૂથ કરી રહ્યુ છે. પ્રમુખના જૂથની સંખ્યા ૧૦ની આસપાસ હોવાથી પણ હાલ તેઓ તેલ જુઓ તેલની ધાર જુઓની નીતિ અખત્યાર કરી રહ્યા હોવાનું રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.

### આંતરિક માર્ગો...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવ્યુ નથી. જેના લીધે વર્ષોની વરસાદમાં ધોવાયેલા આ માર્ગ પર મોટામસ ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. વાહનચાલકો માટે આ ડિસ્કો માર્ગ પરેશાનીનુ કારણ બન્યો છે. આ માર્ગની આસપાસ અન્ય વેપાર ઉદ્યોગોની કચેરીઓ તેમજ શો રૂમ પણ સ્થિત છે. જેના પરિણામે આ વિસ્તારમાં નાગરિકોની અવરજવર પણ વિશેષ પ્રમાણમાં રહે છે. તંત્ર દ્વારા આ માર્ગની સુધારણા માટે વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. આ માટે અંદાજિત રૂ ૧ કરોડનો ખર્ચ થાય તેમ છે. દરખાસ્તને મંજુરી આપી દેવાયા બાદ કામ હાથ ધરાશે.

### દરખાસ્ત કરાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મળતી વિગતો પ્રમાણે સરકારે ૫૦ટકાથી વધુ વસુલાત કરનારા ગામોને પ્રોત્સાહક ગ્રાન્ટ આપવાની પણ નીતિ બનાવી છે. સહાય ગ્રાન્ટ ઉપરાંતની આ ગ્રાન્ટ હશે.

જિલ્લાના જે ૨૫૬ ગામોમાં ૫૦ ટકાથી વધુ વસુલાત થઈ છે તેમાં કલોલ તાલુકાના ૬૨, દહેગામના ૭૬, માણસાના ૫૧ અને ગાંધીનગર તાલુકાના ૬૭ ગામોનો સમાવેશ થાય છે.

જિલ્લા પંચાયત દ્વારા સરકારને આ માટે જે અનુદાનની દરખાસ્ત તૈયાર કરવામાં આવી રહી છે તેમાં કલોલ તાલુકાને ૯૫,૪૬,૯૮૨ રૂ. દહેગામમાં ૪૭,૭૯,૭૧૬ રૂ. માણસામાં ૮૫,૫૯,૦૮૧ રૂ. અને ગાંધીનગરમાં ૧ કરોડ ૩ લાખ દસ હજાર ૫૫૯ રૂ.નો સમાવેશ થાય છે.

### ૨૦ની હત્યા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હત્યાકાંડ સર્જયો હતો. એમ માનવામાં આવે છે કે બીજા વિશ્વ યુદ્ધ બાદ જાપાનમાં આ સૌથી મોટો નરસંહાર છે. જાપાની મિડિયાએ કહ્યુ છે કે હુમલાના સંબંધમાં પોલીસે એક ૨૦ વર્ષીય યુવાનની ધરપકડ કરી છે. મીડિયા અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે આ સેન્ટરના સ્ટાફે વહેલી પરોઢે અઢી વાગે ફોન કરીને પોલીસને આ ભયાનક હત્યાકાંડ અંગે માહિતી આપી હતી. પ્રાપ્ત માહિતી મુજબ ટોકિયોથી ૫૦ કિલોમીટર પશ્ચિમે સ્થિત નિવાસી વિસ્તાર સાગામિહારા શહેરમાં કેર સેન્ટરમાં આ બનાવ બન્યો હતો. હત્યાકાંડ સર્જયા બાદ બે કલાક પછી આ શખ્સ પોતે પોલીસ સ્ટેશનમાં હાજર થઈ ગયો હતો. તેની કારમાં તે ચાકુ મુકી ગયો હતો. હત્યારાની ઓળખ કરી લેવામાં આવી છે. પ્રાથમિક અહેવાલ મુજબ તે સંતોષી ઉએમાત્સુ તરીકે ઓળખાયો છે. ફેબ્રુઆરી સુધી તે આ જ સેન્ટરમાં કામ કરી રહ્યો હતો. જાપાની મિડિયાએ તેની વયને લઈને દુવિધા વ્યક્ત કરી છે. કેટલાક મિડિયામાં તેની વય ૨૮ વર્ષ કહેવામાં આવી છે. જ્યારે કેટલાકમાં ૨૦ વર્ષની કહેવામાં આવી છે. ઘાયલ થયેલા તમામ લોકોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. બનાવ બાદ ૩.૩૦ વાગ્યાની આસપાસ પોલીસ ટીમ પહોંચી ગઈ હતી.

### બેઠકોનો ધમધમાટ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અગ્રસચિવ કે કૈલાસ નાથન હાજર રહ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની કડક તાકીદ બાદ મળેલી બેઠકમાં મુખ્યમંત્રી, સંઘ, ભાજપ તથા રાજય સરકારના વહીવટીતંત્ર દ્વારા એક બ્લુપ્રિન્ટ તૈયાર કરી સંઘની તાકાત કામે લગાડવાનો નિર્ણય લેવાયો હતો. જેમાં વહીવટીતંત્રની પણ ભૂમિકા ક્યા કેવા પ્રકારની હશે તેનો પણ વિચાર કરવામાં આવ્યો હતો. સુત્રોના વધુમાં જણાવવા અનુસાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હાલ ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહને આ સમગ્ર પ્રકરણથી દુર રહેવાની સુચના આપી છે. એટલું જ નહી પરંતુ ભાજપના પ્રદેશ પ્રમુખ વિજય રૂપાણી તથા મુખ્યમંત્રી આનંદીબેન પટેલને સીધો વડાપ્રધાનને જ કોંગ્રેસ રિપોર્ટ અપવા કહ્યું છે. મુખ્યમંત્રીના નિવાસ સ્થાને સવારની બેઠકનો ધમધમાટ બાદ વિજય રૂપાણીએ દર મંગળવારે બપોરે યોજાતી તેમની નીયમિત પત્રકાર પરિષદ રદ કરીને ભાજપના પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે તાબડતોડ કોર કમિટિની બેઠક બોલાવી હતી. આ બેઠકમાં પ્રદેશ પ્રમુખ વિજય રૂપાણી સહિત ભાજપના પાંચ પ્રદેશ મહામંત્રીઓ ઉપરાંત કોશિક પટેલ, આઈ કે જાડેજા, સુરેન્દ્ર પટેલ ઉપરાંત દલિત મંત્રીઓ રમણલાલ વોરા, આત્મારામ તથા અંબાલાલને પણ ખાસ હાજર રાખવામાં આવ્યા હતા અને ભાજપના પ્રદેશ સંગઠન તરફથી પણ દલિતોના આક્રોશને શાંત કરવા અસરકારક સદભાવના અભિયાન શરૂ કરવાનો પણ નિર્ણય લેવાયો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપર સંસદમાં વિપક્ષોનું સતત દબાણ વધતા હવે ખુદ નરેન્દ્ર મોદીએ ગુજરાતના ઉના પ્રકરણમાં સીધી દરમિયાનગીરી આ સમગ્ર મામલો પોતાના હાથ પર લીધો છે. જેના કારણે ગુજરાત સરકાર, ભાજપના જબરજસ્ત ચહલપહલ શરૂ થઈ છે અને નવા ધડાકા થાય તેવા પણ નિર્દેશો મળી રહ્યા છે.